SIKKO INDUSTRIES LIMITED

CIN: L51909GJ2000PLC037329
Regd. Off: 508 Iscon Elegance, Nr. Jain Temple, Nr. Prahladnagar Pick up Stand, Vejalpur, Ahmedabad – 380051;
Telephone: +91 79- 66168950/66168951
Website: www.sikkoindia.com, **E-mail:** compliance@sikkoindia.com

Date: April 25, 2026

To,
Listing Compliance Department
National Stock Exchange of India Limited
Exchange Plaza, C-1, Block G,
Bandra Kurla Complex,
Bandra (E), Mumbai – 400 051.

Dear Sir / Madam,

Sub: Disclosure under Regulation 30 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 – Receipt of "Shresth Ratna Award" by Managing Director

Ref: Sikko Industries Limited (Symbol: SIKKO; ISIN: INE112X01025)

We are immensely proud to share that **Mr. Jayantibhai Mohanbhai Kumbhani (DIN: 00587807), Managing Director** of the Company, has been conferred with the prestigious "**SHRESTH RATNA AWARD**" at the "**NAVRATNA AND BHARAT KE SHRESTH RATNA GUJARAT SE AWARDS**" ceremony, in recognition of his outstanding contribution to the Agro Chemicals & Fertilizers Industry.

His inspiring journey—from humble beginnings to building a strong and respected presence in the agrochemical industry—stands as a testament to his vision, perseverance, and entrepreneurial excellence.

The award was presented by Mr. C. R. Patil, Hon'ble Union Minister of Jal Shakti, Government of India, at the event organized by Divya Bhaskar at Hyatt Regency, New Delhi.

A glimpse of the newspaper coverage of the award ceremony is enclosed herewith as Annexure.

This disclosure is made pursuant to Regulation 30 read with Part A of Schedule III of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

You are requested to kindly take the same on record.

Thanking You,
For, Sikko Industries Limited

MANDLIYA DHRUVITKUMAR PARESHBHAI

Digitally signed by MANDLIYA DHRUVITKUMAR PARESHBHAI
DN: c=IN, st=Gujarat, l=AHMEDABAD, 2.5.4.20=5f7cf9f5f4ea5339fc8d74bf7f8f0c ec3c2f38d4b5bd7b6e4c42d8c61ea61358 5f8, postalCode=380007, st=Gujarat, serialNumber=d5341f4ec4b5d267b74396 1bff8faa2399ac6b47294b14793f4f2d9 66d43ae, cn=MANDLIYA DHRUVITKUMAR PARESHBHAI
Date: 2026.04.25 16:22:21 +05'30'

Dhruvitkumar Pareshbhai Mandliya
Company Secretary and Compliance Officer
Membership No. ACS 66920

SIKKO INDUSTRIES LTD. SEAL

Encl: As Above

સાથે સંવાદ દ્વારા આગામી વર્ષ માટે સૂચનો અને પ્રતિભાવ પણ મેળવવામાં આવ્યા હતા. સહજ સંવાદના આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષો, પ્રોફેસરો, વિભાગીય વડા, કાઉન્સિલના સભ્યો તેમજ અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

25 વર્ષથી વધુનો વ્યવસાયી અનુભવ | પ્રોફેશનલ ટુર મેનેજર્સ | પ્રવાસ દરમ્યાન ભારતીય ભોજન | તમામ મુખ્ય જોયાલાયક સ્થળ | કોઈ છુપાયેલા ખર્ચ/ ગિમિક્સ નહીં | તમામ ટિપ્સ અને શુલ્ક સામેલ છે

Ahmedabad: 079-6161 1111 • Toll Free: 1800 123 181 181

STAR TOURS & HOLIDAYS PVT. LTD.

GF-1, Madhav Mani Apartment, Jain Derasar, Opp. Suzlon House, Shrimali Society, Navrangpura, Ahmedabad - 380009.

ahmedabad@star.tours | startoursUK | startoursuk1997 | www.star.tours

In Association with: Star Tours Ltd. UK

UK - London • INDIA - Mumbai, Ahmedabad, Bangalore, Chennai • USA - New Jersey, San Diego, Atlanta • CANADA - Vancouver, Toronto

10 પાવરપ્લે રમનારા વાચકોને મળશે ગેરંટેડ ઈનામ

વધુ માહિતી માટે jeeto16cr.comની વિઝિટ કરો.

ફોર્મનો ફોટો અપલોડ કરવા માટે QR સ્કેન કરો.

ખેડૂત પુત્રની સિદ્ધિ - ગ્લોબલ આંત્રપ્રિન્યોર બનેલા જયંતીભાઈ કુંભાણી દિલ્હીમાં શ્રેષ્ઠ રત્ન એવોર્ડથી સન્માનિત

દિવ્ય ભાસ્કર

શ્રેષ્ઠ રત્ન

સિક્કોનું 2027 વિઝન - કંપની અત્યારે આફ્રિકામાં યુગાંડા મુકામે ખાતરનો ભવ્ય ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કરવા માટેની દિશામાં આગળ વધી રહી છે. ઉપરાંત, કંપની તેની બ્રાન્ડનું વિસ્તરણ અર્થે વિયેતનામ, કેન્યા, ટાન્ઝાનિયા, યમન, ઈજિપ્ત, લિબિયા વગેરે દેશમાં પોતાની ઓફિસો શરૂ કરવાનું કામ પણ ચાલુ કરી દિધુ છે, જેનાથી સિક્કોની ક્વોલિટી પ્રોડક્ટ્સ કે જે ભારતના ખેડૂતોએ અપનાવી છે તે બીજા દેશમાં પણ તેનો વ્યાપ વધે.

જયંતીભાઈ કુંભાણી

SIKKO INDUSTRIES LIMITED

ગુજરાતની ધરતી હંમેશા સાહસિકોની ધરતી રહી છે. પણ જ્યારે વાત કૃષિ અને ટેકનોલોજીના સમન્વયની આવે, ત્યારે એક નામ આદર સાથે લેવાય છે - જયંતીભાઈ કુંભાણી. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા આ વ્યક્તિત્વએ જ્યારે ઉદ્યોગ જગતમાં પગ મૂક્યો, ત્યારે તેમની પાસે માત્ર બે જ વસ્તુ હતી: હૈયામાં ખેડૂતો પ્રત્યેની સંવેદના અને હાથમાં અથાક મહેનત કરવાની તૈયારી. ભાડાના મકાનથી શરૂ કરીને ગ્લોબલ માર્કેટ સુધી પહોંચનાર જયંતીભાઈ કુંભાણીની આ સફર સાબિત કરે છે કે જો હેતુ શુદ્ધ હોય અને મહેનત અવિરત હોય, તો માટીમાંથી પણ સોનું પેદા કરી શકાય છે. સિક્કો ઈન્ડસ્ટ્રીઝ આજે માત્ર એક કંપની નથી, પણ ભારતીય ખેડૂતના આત્મસન્માન અને સ્વાવલંબનનું પ્રતીક બની ચૂકી છે. આજે જ્યારે આપણે સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને એક સ્થાપિત ગ્લોબલ બ્રાન્ડ તરીકે જોઈએ છીએ, ત્યારે તેની પાછળ દાયકાઓનો સંઘર્ષ છુપાયેલો છે જેની શરૂઆત અમદાવાદના એક સાંકડા માત્ર એક હજાર ફૂટના ભાડાના ગોડાઉનથી થઈ હતી. આ સફર માત્ર નફો કમાવવાની નહીં, પણ ધરતીપુત્રોને સમૃદ્ધ અને જમીનને ઝેરમુક્ત બનાવવાનું એક મિશન છે.

શૂન્યમાંથી સર્જન સિક્કોનો ઉદય અને પ્રથમ પડકાર

કોઈ પણ મોટા વટવૃક્ષનો પાયો એક નાના બીજમાં હોય છે. જયંતિભાઈની સફર 1990ના દાયકામાં એગ્રીકલ્ચર કોલેજમાંથી સ્નાતકની પદવી મેળવી અને પરિવારનું ગુજરાન ચલાવવા એક હજાર રૂપિયાના માસિક પગાર થી એક જંતુનાશક દવા બનાવતી કંપનીમાં સેલ્સમેન તરીકેની નોકરીથી શરૂ થઈ. 1991થી 1997 સુધી નોકરી કરતાં કરતાં અને ખેડૂતોના રોજીંદા સંપર્કથી ખેડૂતોને કઈ રીતે ઉપયોગી થઈ શકાય તેનું મંથન ચાલુ રાખ્યું. તે સમયે ખેતીમાં યાંત્રીકરણની શરૂઆત થઈ રહી હતી. એક ખેડૂત પુત્ર હોવાના નાતે તેમણે પારખ્યું કે જો ખેતીને આધુનિક બનાવવી હશે તો ખેડૂતોને ઉપયોગી ગુણવત્તા યુક્ત સાધનો, જંતુનાશક દવાઓ, ખાતર અને બિયારણ અનિવાર્ય હોય છે. આ બાબતનો વિચાર કરી 1997માં એક નાના એવા માત્ર 1000 ફૂટના ભાડાના ગોડાઉનમાં દવા છાંટવાના પંપ બનાવવા સિક્કો સ્પ્રેયર કંપનીની અમદાવાદમાં સ્થાપના કરી અને આ સાથે કંપનીએ પ્રથમ ડગલું માંડ્યું. શરૂઆતના દિવસોમાં મૂડીનો અભાવ હતો અને સૌથી મોટો પડકાર ખેડૂતોનો વિશ્વાસ જીતવાનો હતો. જયંતિભાઈ યાદ કરે છે કે દરેક ખેડૂત સુધી પહોંચવું અને તેમને નવી ટેકનોલોજી પર વિશ્વાસ અપાવવો એ કપરું કામ હતું. પરંતુ જેમ જેમ સિક્કોના પંપને ખેડૂતોએ પસંદ કર્યા તેમ તેમ ખેડૂતોનો ભરોસો મજબૂત થયો અને જયંતિભાઈનો પણ આત્મવિશ્વાસ મજબૂત બન્યો. 1000 ફૂટના ભાડાના ગોડાઉનથી શરૂ થયેલી આ કંપની આજે કરોડોના ટર્નઓવર સાથે નેશનલ સ્ટોક એક્ચેન્જ પર લિસ્ટેડ છે એ પણ એક એચિવમેન્ટ છે. તેઓ કહે છે કે આ એચિવમેન્ટમાં ક્વોલિટી પ્રોડક્ટ બનાવવામાં તેમનો અવિરત સાથ આપનાર તેમના મોટાભાઈ ધનશ્યામભાઈ અને નાનાભાઈ પ્રવીણભાઈ આ બંનેએ તેઓનું મનોબળ ક્યારેય તુટવા દીધું નથી.

• ભારત સરકારના કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી સી.આર. પાટીલના હસ્તે અવોર્ડ સ્વિકારતા જયંતીભાઈ કુંભાણી

પરિવર્તનનો પવન - રાસાયણિક ખેતી સામે બાયો-ઓર્ગેનિક યુદ્ધ

જયંતીભાઈના વિઝને તેમને એક ઉદ્યોગપતિ કરતા કૃષિ સુધારક તરીકે વધુ સ્થાપિત કર્યા છે. ખેતીમાં વધી રહેલા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અવિચારી ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને માનવ સ્વાસ્થ્ય જોખમાઈ રહ્યું છે. આ જોખમ જયંતીભાઈએ વહેલું પારખી લીધું હતું. તેમણે અનુભવ્યું કે પહેલા જે પાકમાં માત્ર 2 સ્પ્રેની જરૂર પડતી, ત્યાં હવે ખેડૂતોએ 10-10 સ્પ્રે કરવા પડે છે. આ ખર્ચ અને ઝેરના વિષચક્રને તોડવા સિક્કો ઈન્ડસ્ટ્રીઝે મોટો વ્યૂહાત્મક વળાંક લીધો. આજે કંપની પાસે 450થી વધુ ઉત્પાદનોની વિશાળ કેટેગરી છે. જેમાં બાયો-ફર્ટિલાઈઝર્સ, ઓર્ગેનિક જંતુનાશકો અને નેચરલ ગ્રોથ પ્રમોટર્સનો સમાવેશ થાય છે. ખેતીનો ખર્ચ ઘટાડવો અને ઉત્પાદન વધારવું જ તેમનો સ્પષ્ટ લક્ષ્ય છે.

R&D અને ગ્લોબલ હોરીઝોન - વિજ્ઞાનનો માટી સાથે સંગમ

સિક્કો ઈન્ડસ્ટ્રીઝની સફળતાનું રહસ્ય તેનું મજબૂત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યૂનિટ છે. અહીં સાઈન્ટીફિક ફોર્મ્યુલા પર સતત કામ કરે છે કે જે ઓછા પાણીએ અને લઘુતમ જંતુનાશકોના ઉપયોગથી વધુ પાક આપી શકે છે. કંપનીની પહોંચ હવે માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. ભારતના દરેક રાજ્યમાં સિક્કોના ડેપો કાર્યરત છે. ગુણવત્તા એવી છે કે તેને જાહેરાતની જરૂર નથી પડતી, તેનું પરિણામ જ તેની ઓળખ બની ગયું છે. હવે કંપની બિયારણની નવી વેરાયટીઓ અને અદ્યતન ખેતી ઓજારો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ખેડૂતનું હિત એ જ સર્વોપરી

જયંતીભાઈ આજે પણ ગર્વથી કહે છે કે "હું પહેલા ખેડૂત છું અને પછી બિઝનેસમેન. નવી પેઢી જ્યારે ખેતીથી વિમુખ થઈ રહી છે, ત્યારે તેઓ કૃષિ મેળા અને તાલીમ સેમિનાર દ્વારા લાખો યુવાનોને ફરી માટી તરફ વળવા પ્રેરણા આપી રહ્યા છે." તેમના પુત્રો અને નવી પેઢી પણ હવે આ મિશનમાં જોડાઈ છે, જે પરંપરાગત અનુભવ અને ડિજિટલ યુગના મેનેજમેન્ટનો સુંદર સમન્વય સાધી રહ્યા છે.

સ્માર્ટ ફાર્મિંગ અને ડ્રોન ટેકનોલોજીથી ખેતી કરવાનું પ્લાનિંગ

ખેડૂતો ઓછા ખર્ચમાં વધારે ઉત્પાદન કઈ રીતે મેળવી શકે તે માટે અત્યારે કંપની ડ્રોન ટેકનોલોજી અને નેનો ટેકનોલોજી આધારિત જંતુનાશક દવા અને ખાતર પર કાર્ય કરી રહી છે.

વ્યવસાયિક સફળતાની સાથે સાથે જયંતીભાઈએ સામાજિક જવાબદારીને ક્યારેય વિસારે પાડ્યું નથી. સિક્કો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ગ્રામીણ સ્તરે અનેક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. ખેડૂત પાઠશાળા જેવા પ્રોગ્રામ્સ દ્વારા નાના ખેડૂતોને જમીનનું પરીક્ષણ કેવી રીતે કરવું, ક્યા પાકમાં કયું બાયો-ખાતર વાપરવું અને ઓછા ખર્ચે વધુ નફો કેવી રીતે મેળવવો તેનું વિના મૂલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે. આ અભિગમને કારણે જ આજે લાખો ખેડૂતો સિક્કોને માત્ર એક કંપની તરીકે નહીં, પરંતુ પોતાના સાથીદાર તરીકે જુએ છે. ભવિષ્યમાં કંપની સ્માર્ટ ફાર્મિંગ અને ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ભારતીય ખેતીને નવી ઊંચાઈએ લઈ જવા માટે સજ્જ છે.

ઉદ્યોગપતિ ઉપરાંત સામાજિક કાર્યકરની ભૂમિકા

જયંતિભાઈ અત્યારે ઘણા એસોસિએશનના પ્રેસિડેન્ટ છે ઉપરાંત કોઈ પણ વ્યક્તિ તેનું નવું સાહસ કરવા સલાહ લેવા આવે તો તેઓને પ્રતિસ્પર્ધી ના માનતા તેઓને સાચું માર્ગદર્શન આપે છે. જયંતિભાઈની ઔદ્યોગિક સફરને જોઈને ઘણી બધી સંસ્થાઓએ તેઓને એવોર્ડસથી સન્માનિત કરેલ છે.

SIKKO INDUSTRIES LIMITED : Cross Road, 508, Iscon Elegance, Near Jain Temple, prahaladnagar, Sarkhej - Gandhinagar Hwy, vejalpur, Ahmedabad, Gujarat 380015 | Web : www.sikkoindia.com | EMAIL : inquiry@sikkoindia.com